# પાલનપુર નગરપાલિકામાં પાણીના મુદ્દે હલ્લાબોલ

## કમાલપુરા વિસ્તારની રણચંડી બનેલી મહિલાઓએ પાણી બતાવતા મચાવી તોડફોડ


(તસવીરઃ સંજય જોશી, પાલનપુર)



પાલનપુર, તા. ૧૧

પાલિકાના પદાધિકારીઓ હાજર ન મળતા પાણી પુરવઠા કચેરીના ફર્નિચર પર ઠાલવ્યો રોષઃપોલીસ કેસ કરવાની ધમકીને પણ ઘોળીને પી જતી મહિલાઓ ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં ભર ઉનાળામાં પાણીની વિકટ સમસ્યાથી પીડાતી મહિલાઓ આજે પાલિકા કચેરીએ ધસી આવી હતી. જયાં પાલિકાના પ્રમુખ સહિતના જવાબદાર પદાધિકારીઓ હાજર ન મળતા રોષે ભરાયેલી મહિલાઓએ રણચંડી બની પાલિકા કચેરીમાં તોડફોડ મચાવતા અફરાતફરી મચી ગઈ હતી.

પાલનપુર શહેરના વોર્ડનં. ૪ના કમાલપુરા કણબીયાવાસમાં પીવાના પાણીની વિકટ સમસ્યા સામે ઝઝુમી રહેલી મહિલાઓ આજે પાલિકા કચેરીએ ધસી આવી હતી. જોકે, પાલિકાના મહિલા પ્રમુખ અને ચીફ ઓફિસર સહિતના જવાબદાર પદાધિકારીઓ હાજર ન મળતા મહિલાઓ આવેશમાં આવી ગઈ હતી. જેમાં રોષે ભરાયેલી મહિલાઓ વિફરી હતી. જેઓએ પોતાનો ગુસ્સો પાલિકાના પાણી પુરવઠા વિભાગની કચેરી પર ઠાલવતા તોડફોડ મચાવતા અફરાતફરી મચી ગઈ હતી.

જોકે, મહિલાઓએ પાલિકાની પાણી પુરવઠા કચેરીમાં હલ્લો મચાવી રેકર્ડ સહિત ફર્નિચર પણ બહાર ફેંકી દેતા અફરાતફરી મચી ગઈ હતી. મહિલાઓનો મિજાજ જોતા નગરસેવકો સહિત કર્મચારીઓ પણ ભાગી છુટયા હતા. જોકે, પીડીત મહિલાઓએ લડાયક મિજાજનો પરિચય આપતા પોલીસ કેસ કરવાની ધમકીને પણ વશ થઈ ન હતી.

દરમિયાન, પાલિકા ખાતે દોડી આવેલી શહેર પોલીસે ઉશ્કેરાયેલી મહિલાઓને સમજાવી માંડ મામલો થાળે પાડયો હતો. જોકે, પાણીના મુદ્દે રોષે ભરાયેલી મહિલાઓના કથિત વર્તનને પાલિકાના ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ ચંદ્રકાંતભાઈ જોશીએ વખોડી કાઢયું હતું.

આમ, છેલ્લા છ માસથી પાણીની વિકટ સમસ્યા સામે ઝઝુમી રહેલી મહિલાઓએ પાલિકાના સત્તાધીશો ધ્વારા અપાતા ઠાલા આશ્વાસનોથી કંટાળીને આજે પાણી બતાવતા ખુદ પાલિકાના શાસકો પણ હેબતાઈ ગયા હતા.


## દારૂ પીધેલાની તપાસ માટે અલગ વ્યવસ્થાની માગણી

અમદાવાદ, તા.૧૧

સમગ્ર અમદાવાદમાં કોઈ પણ વિસ્તારમાં દારૂ પીધેલી વ્યક્તિ ઝડપાય તો તેને સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે લઈ જવામાં આવે છે. સામાન્ય સંજોગોમાં એકલ દોકલ વ્યક્તિ દારૂ પીધેલી ઝડપાય અને તેને સિવિલ હોસ્પિટલ લઈ જવાય ત્યારે કોઈ તકલીફ નથી પડતી પરંતુ જ્યારે મોટી સંખ્યામાં દારૂ પીધેલા ઝડપાય અને તે તમામને એક સાથે મેડીકલ ચેકઅપ માટે સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે લઈ જવાય છે ત્યારે હાજર સ્ટાફ, ઈમરજન્સી વાળા દર્દીઓ વગેરેને તકલીફ પડતી હોય છે. ક્યારેક ક્યારેક તો મોટી સંખ્યામાં દારૂ પીધેલાઓને તપાસ માટે ટ્રોમા સેન્ટર ખાતે લઈ જવાય ત્યારે તબીબોને પણ ભારે હાલાકીનો શામનો કરવો પડતો હોય છે. જેથી દારૂ પીધેલાઓની તપાસ માટે ટ્રોમા સેન્ટર સીવાય અન્ય કોઈ સ્થળે વ્યવસ્થા કરવાની માંગ લોકોમાં ઉઠી છે.

## કાંકરેજ તાલુકાના આકોલી ઠાકોર વાસની પાણીની ટાંકી જર્જરીત : નવીન બનાવવા કરાયેલી રજૂઆતો છતાં પરિણામ શૂન્ય

કાંકરેજ તાલુકાના આકોલી ઠાકોર વાસ ગ્રામ પંચાયતની પીવાના પાણીની ટાંકી સને ૧૯૮૭માં બનાવેલ છે તે જર્જરીત થઇ જતાં અંદર પાણી રહેતું નથી અને જો ભરવા જાય તો ટાંકુ ફાટી જાય તેવી પરિસ્થિતિ પેદા થઇ છે. સરપંચ દ્વારા ઘણીવાર લેખીત તેમજ મૌખિક રજૂઆતો કરવામાં આવેલ છે તેવું શ્રી વિજુભા વાઘેલાએ જણાવ્યું હતું. પાણી પુરવઠા મંત્રી પરબતભાઈ પટેલને પણ રજૂઆત કરાઈ છે તેમજ મામલતદારશ્રી કાંકરેજને પણ કરાઈ છે તેમજ ઇ.ટી.વી.ટી.માં લેખિત મૌખિક રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી તેવી લોકોમાં ચર્ચાએ જોર પકડ્યું છે. એકબાજુ ચૂંટણી આવે ત્યારે નેતાઓ વોટ લેવા માટે આવી જાય છે પરંતુ ગામના લોકોને છેવાડા સુધી પાણી કે રસ્તાનો અભાવ છે તે વિશે કોઇ પૂછતું નથી તો સત્વરે લાગતા વળગતા અધિકારીઓ દ્વારા આકોલી ઠા. વાસ ખાતે જાતે જઇ તપાસી ઘટતું કરે તેવો જનમત પ્રસરી રહ્યો છે. જો આમ કરવામાં નહીં આવે તો વર્ષ ૨૦૧૨ની ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવે તેવું પણ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.


(તસવીર : હેમુભા વાઘેલા)

## 'ગાંધીનગર સમાચાર' આયોજીત ગુજરાત ઓપન ડે-નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનો ફાઈનલ જંગ અતિ રોમાંચક બની રહ્યો


(તસવીર : સમીર બલોચ, બાયડ)

બાયડ, તા.૧૧

બાયડ ખાતે છેલ્લા ૩૫ દિવસથી ચાલતી 'ગાંધીનગર સમાચાર' આયોજીત ગુજરાત ઓપન ડે નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ માં કુલ ૧૨૦ ટીમોએ ભાગ લીધો હતો. જેની ફાઈનલ મેચ તા. ૮ના રોજ ૫૦૦૦ જેટલી વિરાટ જનમેદની વચ્ચે યોજાઈ ગઈ હતી.

આ ફાઈનલ મેચમાં બાયડની યંગ બ્લડ ઈલેવન અને વેસ્ટન વોરીર્યસ ટીમ બાયડ વચ્ચે યોજાઈ હતી. જેમાં બાયડની વેસ્ટન વોરીર્યસ ટીમે પ્રથમ ટોસ જીતી પ્રથમ બેટીગ કરવાનો નિર્ણય લીધો હતો. જેમાં આ ટીમે ૧૬ ઓવરમાં ૨૦૨નો જંગી સ્કોર કર્યો હતો. જયારે જવાબમાં યંગ બ્લડ ઈલેવન ૫૫ રનના નીજી સ્કોર ઉપર ઓલ આઉટ થઈ જતા ફાઈનલ મેચ વેસ્ટન વોરીર્યસ ટીમે જીતી લીધી હતી.



આ શાનદાર ફાઈનલ મહાસંગ્રામ નિહાળવા બાયડ પોલીસ સ્ટેશન ગ્રાઉન્ડ ઉપર લગભગ ૫૦૦૦ હજાર જેટલી વ્શાળ જનમેદની ઉપસ્થીત રહી હતી. આ ફાઈનલ મેચમાં આયોજકો દ્વારા ધમાકેદાર આતીશબાજી કરવામાં આવી હતી. જયારે રોકસ્ટાર ડી.જે.સાઉન્ડના તાલે પ્રેક્ષકો જુમી ઉઠયા હતા. આ ફાઈનલ મેચમાં વિજેતા ટીમને ૩૧૦૦૦ રૂા રોકડા તથા ટ્રોફી આપવામાં આવી હતી તેમજ રનર્સ અપ ટીમ ને ૧૧૦૦૦ રૂ રોકડા તથા ટ્રોફી આપવામાં આવી હતી. જયારે મેન ઓફ ધી સરીઝનો ખીતાબ બેંટી ઉર્ફે (દુષ્યન્ત પટેલ)ને આપવામાં આવ્યો હતો. જયારે



બેસ્ટ બોલર રઝજુને આપવામાં આવ્યો હતો, બેસ્ટ પ્લેયરનો ખીતાબ માનચેસ્ટર ઈલેવનના ભરતને આપવામાં આવ્યો હતો જેણે એક મેચમાં શાનદાર સદી ફટકારી હતી.

મુખ્ય મહેમાન તરીકે માલપુર મેઘરજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા, સમારંભના ઉદઘાટક તરીકે પ્રકાશ ગુર્જર (ગુજરાત પ્રદેશ યુથ કોગ્રેસ ઉપ પ્રમુખ) તેમજ અતિથિ વિશેષમાં યુસુફભાઈ શેખ (ગુ.પ્રદેશ લઘુમતી સેલના મંત્રી), દીનુભાઈ પટેલ (બાયડ શહેર કોગ્રેસ પ્રમુખ) વનરાજસિંહ રાઠોડ (યથુ કોગ્રેસ પ્રમુખ સા.કાં જીલ્લા ) ઉપસ્થીત રહયા હતા. ત્યારે આ ફાઈનલ મેચના સમગ્ર કાર્યક્રમનુ સંચાલન આયોજક સમીર બલોચ, જીગર પટેલ, હેમંત પટેલ(કકો), ઉમંગ પટેલ અને યશ ચૌધરી દ્વારા કરવામાં આવ્યો હતો તેમજ આ ટુર્નામેન્ટ શાંતીપુર્ણ રીતે સંપન્ન થવા બદલ સર્વે પ્રેક્ષકોનો આભાર માન્યો હતો.

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

### સાબરકાંઠા જિલ્લામાં

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |

### મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

| | | |
|---|---|---|
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |

## રાજપુરમાં અગાઉની અદાવતમાં હુમલો કરનાર ત્રણ સામે ફરિયાદ

ડીસા, તા. ૧૧

ડીસાના રાજપુર મઠ જાગીરી ખાતે થોડા સમય પહેલા ઉજવાયેલ શિવપુરાણ કથા મહોત્સવ દરમ્યાન રાત્રે યોજાયેલ ડાયરામાં બેસવાની બાબતે થયેલ તકરારની અદાવતમાં રીક્ષામાં બેસીને આવેલ ત્રણ શખ્સોએ એક ઈસમ પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ચકચાર મચી જવા પામી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ ડીસા રાજપુર મઠના સંચાલક તેજપુરીની છત્રછાયા નીચે અઠવાડીયા પહેલા છ દિવસીય યજ્ઞનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યોજાયેલ વિવિધ કાર્યક્રમોમાં રાત્રે ભાવનાબેન લાબડીયાના ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બેઠક વ્યવસ્થામાં સ્ત્રી પુરૂષો માટે અલગ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.ત્યારે કેટલાક ઈસમો સ્ત્રીઓની બેઠકમાં બેસવા જતાં અહી સ્વયંસેવક તરીકે ફરજ બજાવતા પંકજ રમેશભાઈ માળીએ ના પાડતા તેમને ધમકી આપીને જતા રહ્યા બાદ ગત સાંજના સુમારે પંકજભાઈ રાજપૂરમાં એક દુકાન આગળ બેઠા હતા ત્યારે રીક્ષા નં. જીજે ૮યુ ૮૬૫૯માં આવેલા ભરતજી લક્ષ્મણજી ઠાકોર રહે શેરગંજ તા. ડીસા, સરમાન સોરંભભાઈ મુસલમાન, રમીઝ સોરંભભાઈ મુસલમાન બન્ને રહે ગાયકવાડા ડીસાએ પંકજ પર લાકડી વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી અને મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારે આ બાબતની ફરીયાદ પંકજ માળીએ ડીસા સીટી પોલીસમથકમાં નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. બીજી બાજુ મઠના મહંત તેજપુરી તેમજ ગ્રામજનોએ આ બાબતે રોષ વ્યકત કરી આરોપીઓને સજા કરવાની માંગણી કરી છે.


આજથી આરંભાયેલા નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે કાંકરેજ તાલુકાના ખારીયા મુકામે આવેલ અને શિવશક્તિ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શિવશક્તિ વિદ્યાલયના ટ્રસ્ટીઓએ શાળાના નવીન સંકૂલમાં નવીન શિક્ષકો અને વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શાળા સંકુલ ખુલ્લુ મુક્યુ હતુ. જે પ્રસંગે ખારીયા ગામના સરપંચ કિનુભા ભીખાજી, કિર્તીસિંહ વાઘેલા, અરજણભાઈ દેસાઈ, વાલજી વાઘેલા, પીનાકીન વાઘેલા સહિત શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને અભિનંદન પાઠવ્યા હતા. (તસવીર : હેમુભા વાઘેલા, થરા)

## માધુપુરામાં પાંચ કલાકમાં ૪૦ દારૂડીયાઓ ઝડપાયા

અમદાવાદ, તા.૧૧

ગુજરાતમાં દારૂબંધી છે તે વાત સૌ કોઈ જાણે છે. પરંતુ કેટલાક લોકો દારૂ પીવે છે તેનો આંકડો તમે સ્વપ્નેય વિચાર્યો નહીં હોય અને આ આંકડો સાંભળી તમે રીતસર ચોંકી ઉઠશો. કારણ કે અમદાવાદના ૩૭ પોલીસ મથકોમાંથી માત્ર એક જ પોલીસ મથક વિસ્તારમાંથી માત્ર પાંચ કલાકમાં ૪૦ દારૂ પીધેલાઓ ઝડપાયા છે. હવે ખુદ તમે અંદાજ લગાવી શકો છો કે અમદાવાદમાં કેટલા લોકો દારૂ પીતા હશે અને સમગ્ર ગુજરાતમાં કેટલાય ? વિગતોએવી છે કે ઝોન-૨ના ડી.સી.પી. શરદસીંઘલે ગઈકાલે રથયાત્રા સંદર્ભે માધવપુરા પોલીસ મથક વિસ્તારમાં ડ્રાઈવ રાખી હતી. સાંજના ૬ વાગ્યાથી લઈને રાત્રીના ૧૦ વાગ્યા સુધી આ ડ્રાઈવ રાખવામાં આવી હતી. ડ્રાઈવમાં માધવપુરા પોલીસ મથકના પી.આઈ.એસ.જી. પરમાર સહિતનો કાફલો જોડાયો હતો.

બાદમાં પોલીસે શંકરભુવન, મહેદીકુવા, સાંતીનગર, દુધેશ્વરરોડ, નમસ્તે સર્કલ, દરિયાખાન ઘુમ્મટ, તાવડીપુરા જેવા વગેરે વિસ્તારમાંથી પોલીસે ૪૦ જેટલા દારૂ પીધેલા શખ્સોને ઝડપી પાડ્યા હતા. એક સાથે ૪૦ દારૂડીયાઓ ઝડપાતા તમામને મેડીકલ ચેક અપ માટે સિવિલ હોસ્પિટલ લઈ જવા માટે ખાસ હેડક્વાર્ટરથી પોલીસવાન બોલાવવાની ફરજ પડી હતી. બાદમાં તમામને સિવિલ હોસ્પિટલ મેડીકલ ચેકઅપ અર્થે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં વહેલી સવાર સુધી આ કાર્યવાહી ચાલી હતી. ૪૦ દારૂ પીધેલાઓને પકડી પાડ્યાની સાથે સાથે પોલીસે ત્રણ શખ્સોને દેશી દારૂના જથ્થા સાથે પણ ઝડપી પાડ્યા હતા. આ તમામની વિરુધ્ધ માધવપુરા પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES   APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD   Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601